દાખલ તારીખ :–૨૩/૦૭/૨૦૨૫
નોંધ્યા તારીખ :–૨૩/૦૭/૨૦૨૫
ફેંસલ તારીખ :–૧૫/૦૭/૨૦૨૬
સમયગાળો :–<u>વર્ષ–માસ–દિવસ</u>
૦૦– ૧૧ – ૨૩

**ભિલોડાના મહેરબાન એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ભિલોડા,જી.અરવલ્લી.**

**<u>ફોજદારી કેસ નં.૧૧૪૦/૨૦૨૫</u>**
**આંક :૧૭**

**–:: ફોર્મ–એ ::–**

| **એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભિલોડા – અરવલ્લી**<br>હુકમની તારીખ:–૧૫/૦૭/૨૦૨૬<br>**ફોજદારી કેસ નંબર:–૧૧૪૦/૨૦૨૫** | |
|---|---|
| પોલીસ સ્ટેશન | ભિલોડા પો.સ્ટે.ગુ.રજી.નં.૬૨૯/૨૦૨૪ |
| ગુન્હો | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| **ફરીયાદી તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી. એમ.પી.કલહટ** |
| –:: વિરૂધ્ધ ::– | |
| આરોપી | સંજયભાઈ ઘુળજીભાઈ બરંડા,<br>ઉ.વ.૪૦,ધંધો–મજુરી,ધર્મે–હીન્દુ,<br>રહે.વેજપુર,તા.ભિલોડા જી.અરવલ્લી. |
| **આરોપીઓ તર્ફે** | **વિ.વકીલશ્રી : બી.એમ.ભગોરા** |

**–:: ફોર્મ–બી ::–**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૦૭/૧૧/૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૦૭/૧૧/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૨૩/૦૭/૨૦૨૫ |

| | |
|---|---|
| ત્હોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૧૨/૦૨/૨૦૨૬ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૦૬/૦૭/૨૦૨૬ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૦૬/૦૭/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૧૫/૦૭/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

## –:: આરોપીની વિગત ::–

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) |
| આરોપીનું નામ | સંજયભાઈ ધુળજીભાઈ બરંડા, |
| ધરપકડ કર્યા તારીખ | તા.૩૦/૧૨/૨૦૨૪ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૩૦/૧૨/૨૦૨૪ |
| કયો ગુન્હો નોંધાયેલ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨) તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | – |
| ક્રી.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | – |

## –:: ફોર્મ–સી ::–

**એ – ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧. | અર્જુનભાઈ વાલજીભાઈ ખરાડી | ફરીયાદી | ૧૦ |

**બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.**

**સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.**

**એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–**

| **ક્રમ** | **દસ્તાવેજોનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૧ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૧૨ |
| ૩. | મારક હથીયાર રીકવરીનુ પંચનામું | ૧૩ |
| ૪. | મેડીકલ સર્ટીફિકેટસ | ૧૪ |
| ૫. | જાહેરનામાની નકલ | ૧૫ |
| ૬. | કલોઝીંગ પુરસીસ | ૧૬ |

**બી– બચાવપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**સી– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન :– નથી.**

**–:: ઠરાવ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,ગઈ તા.૦૭/૧૧/૨૦૨૪ ના કલાક.૧૫/૦૦ વાગ્યે મોજે.ભીલોડા કોટેજ હોસ્પીટલની બાજુમાં આ કામના ફરીયાદીનાઓ ભીલોડા કોટેજ હોસ્પીટલ તરફ જતા હતા તે વખતે આ કામના આરોપી કહેતા હતા કે,તુ મારા ડ્રાઈવરને કેમ આવવા દેતો નથી તેમ કહી મા–બેન સામે ગાળો બોલી, ઉશ્કેરાઈ જઈ તેના ગલ્લામાંથી લોખંડનો સળીયો લઈ ફરીયાદીને માથામાં મારવા જતાં ફરીયાદીએ તેમનો જમણો હાથ ઉંચો કરી દેતા ફરીયાદીને જમણા ખભા ઉપર વાગતા આ કામના આરોપીઓ જતા જતા ફરીયાદીને કહેતા હતા કે,આજે તો તુ બચી ગયેલ,ફરીવાર તુ ભીલોડા બજાર કે ગમે ત્યાં જોવા મળીશ તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જતો રહી,મે.જીલ્લા

મેજી.સા.શ્રીના જાહેરનામાનો ભંગ કરી,ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨) તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાની અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) ત્યારબાદ આરોપીને પ્રોસેસ કાઢતાં અને હાજર થતાં, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨) તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ આંક–૦૮ થી તહોમતનામુ ફરમાવી આંક–૦૯ થી આરોપીનુ નીવેદન લેતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતાં કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧. | અર્જુનભાઈ વાલજીભાઈ ખરાડી | ફરીયાદી | ૧૦ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| **ક્રમ** | **દસ્તાવેજોનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૧ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૧૨ |
| ૩. | મારક હથીયાર રીકવરીનુ પંચનામું | ૧૩ |
| ૪. | મેડીકલ સર્ટીફિકેટસ | ૧૪ |
| ૫. | જાહેરનામાની નકલ | ૧૫ |
| ૬. | કલોજીંગ પુરસીસ | ૧૬ |

(૪) ત્યારબાદ બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૩(૧)અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોધવા લાયક પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોધવામાં આવેલ નથી.

(૫) આ કામમાં ફરિયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી.કલહટ તથા બચાવપક્ષે વિ.વકીલશ્રી બી.એમ.ભગોરાની દલીલો સાંભળી.

(૬) ઉપરોકત હકીકત તથા પડેલ પુરાવાઓ ઉપરથી આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-::<u>મુ દા</u> ::-**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૦૭/૧૧/૨૦૨૪ ના કલાક.૧૫/૦૦ વાગ્યે મોજે. ભીલોડા કોટેજ હોસ્પીટલની બાજુમાં આ કામના ફરીયાદીનાઓ ભીલોડા કોટેજ હોસ્પીટલ તરફ જતા હતા તે વખતે આ કામના આરોપી કહેતા હતા કે,તુ મારા ડ્રાઈવરને કેમ આવવા દેતો નથી તેમ કહી મા-બેન સામે ગાળો બોલી, ઉશ્કેરાઈ જઈ તેના ગલ્લામાં થી લોખંડનો સળીયો લઈ ફરીયાદીને માથામાં મારવા જતાં ફરીયાદીએ તેમનો જમણો હાથ ઉંચો કરી દેતા ફરીયાદીને જમણા ખભા ઉપર વાગતા આ કામના આરોપીઓ જતા જતા ફરીયાદીને કહેતા હતા કે,આજે તો તુ બચી ગયેલ,ફરીવાર તુ ભીલોડા બજાર કે ગમે ત્યાં જોવા મળીશ તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જતો રહી,મે.જીલ્લા મેજી.સા.શ્રીના જાહેરનામાનો ભંગ કરી,ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨) તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**<u>મૌખીક પુરાવો–</u>**

(૮) ફરીયાદપક્ષ તર્ફે ફરીયાદી અર્જુનભાઈ વાલજીભાઈ ખરાડીને આંક–૧૦ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,''બનાવ આજથી બેએક વર્ષ પહેલા બનેલો.બનાવમાં અમારે આ કામના આરોપી સાથે ટ્રેકટર સાઈડમાં ઉભુ રાખવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી જેથી ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ જેથી ધકકામુકી થતા મને શરીરે સામાન્ય ઈજાઓ થયેલી જેથી ઉશ્કેરાટમાં આવીને મેં ફરીયાદ આપેલી પરંતુ હવે અમારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે તથા હાલનો કેસ આગળ ચલાવવો નથી કે કોઈ સાક્ષી તપાસવાના નથી.મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવી રજુ કરુ છુ જે દા.આંક–૧૧ આપવામાં આવે છે.આ સીવાય બીજુ કઈ બનેલ નહી.''જયારે તેમની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે,બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ તે સીવાય કઈ બનેલ નહી.એ વાત ખરી છે કે,આરોપીએ ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.એ વાત ખરી છે કે,આરોપી સાથે ઘરબહાર રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે.''

**<u>આખરી ચર્ચા</u> :–**

(૯) આમ,ફરીયાદપક્ષે રજુ તમામ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદીએ જ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.ફરીયાદપક્ષ અને આરોપી વચ્ચે કોર્ટ બહાર સમાધાન કરવામાં આવેલુ

હોઈ સ્વાભાવિક રીતે ફરીયાદપક્ષે તે મુજબ જુબાની આપેલ છે. આરોપીપક્ષે નિખાલસપણે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા મારક હથીયાર રીકવરીનુ પંચનામુ કબુલ રાખતા તે રેકર્ડ પર તો આવેલ છે પરંતુ સદર પંચનામા રેકર્ડ પર આવવા છતાં એ હકીકત પુરવાર થતી નથી કે ફરીયાદ મુજબનો જ બનાવ બનવા પામેલો.ફરીયાદી એવુ જણાવે છે કે,આ કામના આરોપીઓ સાથે ટ્રેકટર સાઈડમાં ઉભુ રાખવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી જેથી ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ જેથી ધકકામુકી થતા તેઓને શરીરે સામાન્ય સામાન્ય ઈજાઓ થયેલી જેથી ઉશ્કેરાટમાં આવીને તેઓએ ફરીયાદ આપેલ તથા બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં પણ એ હકીકત કબુલ રાખે છે કે,આરોપીએ તેઓને કોઈ માર મારેલ નથી કે ઈજા કરેલ નથી કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી તથા બોલાચાલી સીવાય બીજુ કઈ બનેલ નથી તે સંજોગોમાં તપાસ કરનાર અમલદાર કે મેડીકલ ઓફીસરશ્રીને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી. આમ,ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.ફરીયાદપક્ષના પુરાવાઓનું મુલ્યાંકન આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ત્હોમત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.ઉપરોકત તમામ ચર્ચા મુજબ **મુદ્દા નં.(૧)** નો જવાબ ''**નકાર**''માં આપી **મુદ્દા નં.(૨)** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

// **<u>આ ખ રી  હુ ક મ</u>** //

(૧) આ કામના આરોપી સંજયભાઈ ધુળજીભાઈ બરંડા, રહે.વેજપુર,તા.ભિલોડા જી.અરવલ્લીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨)	આ કામના આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ અપીલ સમયના જામીન રકમ રૂા.૫,૦૦૦/–ના રજુ કરવા.

(૩)	મુદામાલ સળીયાનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તારીખ.૧૫ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ: ૧૫–૦૭–૨૦૨૬
મુકામ: ભીલોડા

(એમ.એ.મકરાણી)
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01007